# ટ્રેક નં. ૩૦ : ભાવના વિષે

✻ ચૈતન્યની ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના ફળ્યે જ છૂટકો. આ છે પૂજ્ય 'બહેનશ્રીના વચનામૃત'નો ૨૧ મો બોલ. તો આ ભાવના એટલે શું? અને કેવી હોવી જોઈએ? તેનું રસપાન કરીએ.
✻ માંગલિક :
✻ ભક્તિ : આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે (૪)

❀ બહેનશ્રી : અમૃતચંદ્ર આચાર્યદેવ કહે છે કે મારી પરિણતિ વિશુદ્ધ થઈ જાઓ. આ (સમયસાર શાસ્ત્રની) ટીકા કરવાનો મને શુભ ભાવ આવ્યો છે કે આ શુદ્ધાત્માનું સ્વરૂપ કેવું હોય? એનું જે વિવરણ થાય ત્યાં ભાવશ્રુત રૂપે મારી પરિણતિ છે. એમાં હું એકાગ્ર થાઉં છું. એટલે મારી પરમ વિશુદ્ધિ થાઓ. ૧૧ ગાથા (સમયસારની) માં કહ્યું છે કે બીજું કાંઈ મારે નથી જોઈતું. મારી પરમ વિશુદ્ધિ થાઓ. પરમ વિશુદ્ધ સ્વરૂપ તો હું છું જ. ચિન્માત્ર મૂર્તિ તો છું જ પણ એની પરમ વિશુદ્ધિ થાઓ. દ્રવ્યદૃષ્ટિથી તો શુદ્ધ જ છું. હું શુદ્ધાત્મા સિદ્ધ જેવો પણ પર્યાયમાં જે મેલી થયેલી પરિણતિ નિરંતર કલ્માષિત—અનાદિની જે મેલી થયેલી છે. અત્યારે જે પોતાને અનુભૂતિ થઈ એ અનુભૂતિની વિશેષતા થાઓ. એની પરમ વિશુદ્ધિ થાઓ. નહીંતર છઠ્ઠે—સાતમે ગુણસ્થાને ઝૂલનારા મુનિરાજ છે. ક્ષણે ક્ષણે આત્માની અનુભૂતિ કરી રહ્યા છે. બીજી ક્ષણે બહાર આવે, ન આવે ત્યાં શાસ્ત્રના વિકલ્પ આવે છે. બીજું કાંઈ નથી. એની પરિણતિ બીજે ક્યાંય જોડતી જ નથી. વિભાવો એકદમ ગૌણ થઈ ગયા છે. સંજ્વલન જેવા સામાન્ય પરિણામ છે તો પણ (આચાર્યદેવ) કહે છે કે 'મારી પરિણતિ વિશુદ્ધ થાઓ'. ક્ષણે ક્ષણે અંતર્મુહૂર્તે—અંતર્મુહૂર્તે આત્મામાં અનુભૂતિમાં એકદમ ડૂબી જાય છે અને પછી બહાર આવે છે. આત્માના આનંદમાં જ એકદમ મગ્ન થઈ જાય છે. ચૈતન્ય ચમત્કાર તરફ આત્માનંદમાં મગ્ન થાય છે. પછી બહાર આવે છે.

એ કહે છે કે આટલા આનંદથી મને સંતોષ નથી. મને પરમ વિશુદ્ધિ થઈ જાઓ. બસ! આ જે મારી શ્રુતની પરિણતિ જે થાય છે, એ આ જે સમયસાર–એ ભાવશ્રુત અને દ્રવ્યશ્રુત એનાથી મારી પરમ વિશુદ્ધિ થાઓ. મને વીતરાગતા–પૂર્ણ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાઓ. એવી ભાવના ભાવે છે. 'મમ્ પરમ વિશુદ્ધિ હો' એટલે એમની વિશુદ્ધિનો પ્રશ્ન કોઈ જુદો છે. છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝૂલનારા આ મુનિરાજ અમૃતચંદ્રાચાર્યદેવ છે. એમની શક્તિ કેટલી? કેવળજ્ઞાન (લેવાની તૈયારી છે) તો પણ કહે છે કે 'મારી પરમ વિશુદ્ધિ થાઓ.' આગળ જતાં કહે છે કે અમૃતચંદ્રસૂરિએ કાંઈ નથી કર્યું. 'મેં અમૃતચંદ્રસૂરિએ કાંઈ નથી કર્યું. જે કર્યું એ બધું આ શબ્દોએ કર્યું છે. મેં નથી કર્યું.' એટલે એમ કે કેટલા નિરાળા રહે છે? હું (શાસ્ત્રનો) કર્તા નથી. મારું દ્રવ્ય કોઈનું કર્તા નથી. હું તો અમૃતચંદ્ર જ્યોત–હું તો મારામાં છું. આ બધું તો થાય છે તે શબ્દોથી થાય છે. કેટલી એમની ઉગ્રતા છે પરિણતિની! એ કહે છે કે 'મમ્ પરમ વિશુદ્ધિ થાઓ' આટલી સંજ્વલનની (પરિણતિ) છે એ પણ અમને નથી પોસાતી. એ પણ અમારે નથી જોઈતી. અમારે બસ આત્મામાં–આત્માની અનુભૂતિમાં તૃપ્ત–તૃપ્ત થઈ સાદિ અનંત એમાં ને એમાં રહીએ એવી જ અમારી ભાવના છે. એ જ અમારે–જેવો ચૈતન્ય ચમત્કાર સ્વરૂપ આત્મા છે એવી જ (પરિણતિ) થઈ જાય. બસ! એવી પરિણતિ શાશ્વત થઈ જાય એવી અમારી ભાવના છે. એમાં અનંત ગુણોથી ભરેલો આત્મા–એમાં પરિણતિ લીન થઈ જાઓ. એમ કહે છે. બીજું કાંઈ નથી જોઈતું. એક જ્ઞાયક સ્વરૂપ આત્મા જ્ઞાયકરૂપે પૂર્ણ પરિણમી જાય. જ્ઞાયક જ્ઞાયકતારૂપે પૂરો થઈ જાય. આનંદ સ્વરૂપ આનંદરૂપે પૂર્ણ થઈ જાય. અનંત ગુણોની અનંતગુણોરૂપે શુદ્ધ પરિણતિ થઈ જાય એમ કહે છે. સાધ્ય સાધકના ભાવોથી ભેદ પડે. દ્રવ્ય દૃષ્ટિથી તો એક આત્માને જ સાધવાનો છે. સાધ્ય સાધકના ભેદ–એવી ભેદની પરિણતિ કે સાધનાની પરિણતિ

એ પણ નથી જોઈતી. સાધના પૂરી થઈ જાય. પૂર્ણ કૃતકૃત્ય દશા થઈ જાવ. અંશ તૃપ્તિ હો એ નહીં. પણ કૃતકૃત્ય દશા થઈ જાવ એમ ભાવના ભાવે છે. આ સમયસાર શાસ્ત્રની ટીકા—એમાં જે મારી પરિણતિ એમાં જે ચાલશે, એમાં મારી અનુભૂતિની વિશેષતા થઈ જાવ. મારી અનુભૂતિ વિશેષરૂપે આત્મામાં વિશેષ મગ્ન થઈ જાવ. આત્માના આનંદમાં મગ્ન થઈ જાવ. અનંતગુણમાં મારી પરિણતિ મગ્ન થઈ જાવ અને એવી મગ્ન થઈ જાવ કે અંદર મગ્ન થયેલી જ પરિણતિ થઈ જાવ. મને પરમ વિશુદ્ધિ પ્રાપ્ત થઈ જાવ. બીજું કાંઈ મારે જોઈતું નથી. એ અનાદિના કર્મનું જે નિમિત્ત છે એમાં જે પરિણતિ મેલી, એ મેલી પરિણતિ બસ થાઓ હવે! એ મેલી પરિણતિ નથી જોઈતી. અનાદિકાળથી પરિણતિ મેલી થઈ છે છતાં હું તો દ્રવ્યદૃષ્ટિએ શુદ્ધ જ છું. મને અનુભૂતિ જે પ્રગટ થઈ છે એ પરમ વિશુદ્ધ થઈ જાવ. છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝૂલનારા મુનિરાજ આમ કહે છે. તો બીજાની તો શું વાત કરવી? ચોથે ગુણસ્થાને, પાંચમે ગુણસ્થાને તો ચારિત્રદશાની લીનતા કેટલી પ્રગટ કરવાની છે? અને એમાં તો જે જિજ્ઞાસુ હોય એને તો કેટલું કરવાનું છે? એમને તો દ્રવ્ય દૃષ્ટિ પ્રગટ કરવી, એમને સમ્યક્‌દર્શનનો અંશ પ્રગટ કરવો એને ચારિત્રદશા પ્રગટ કરવી. કેટલું કરવાનું છે? આ તો આચાર્ય પોતે કહે છે. અમારું ચૈતન્યનું સંવેદન—ચૈતન્ય સંવેદન જે છે એ સંવેદન અમારું પૂરું થઈ જાઓ. એ ચૈતન્યનું સંવેદન—એ વેદન જે ક્ષણે ક્ષણે અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે જે વેદન પ્રગટ થઈ રહ્યું છે એ અંતર્મુહૂર્ત—અંતર્મુહૂર્તનો આંતરો પણ અમારે નથી જોઈતો. મોટા આંતરાને તો હવે તિલાંજલી દઈ દીધી છે. મારો આંતરો જે અંતર્મુહૂર્તનો છે એ અંતર્મુહૂર્તનો આંતરો પણ હવે અમારે નથી જોઈતો. એક અંતર્મુહૂર્તનો ચૈતન્યદેવનો વિરહ અમારે નથી જોઈતો. એ વિરહ અમને આકરો લાગે છે. ચૈતન્યદેવનો અંતર્મુહૂર્તનો વિરહ—અમારે ચૈતન્યદેવની અનુભૂતિનો વિરહ છે. ચૈતન્યદેવ છે

એના ઉપર અમારી દૃષ્ટિ તો પડેલી જ છે. એના ઉપર અમારું જ્ઞાન તો જામેલું, અમારી દૃષ્ટિ એમાં જામેલી જ છે પણ એની અનુભૂતિની જે એની તદ્રૂપ અનુભૂતિનો વિરહ એક અંતર્મુહૂર્ત પણ અમે સહી શકતા નથી. બસ! એ અંતર્મુહૂર્તનો વિરહ અમારે ચૈતન્યદેવનો જોઈતો નથી. શાશ્વત અમારી પરિણતિ એમાં લીન થઈ જાવ એમ કહે છે. અમને પૂર્ણ કેવળજ્ઞાન–પણ (ફક્ત) કેવળજ્ઞાન નહીં, જ્ઞાયક જ્ઞાયકતા રૂપે પૂર્ણ થઈ જાવ. આનંદ, શાંતિ બધા અનંત ગુણો અનુપમતારૂપે ભરેલા છે. એ બધા પૂરા થઈ જાવ. એવી પૂર્ણ પર્યાય પ્રગટ થઈ જાવ. એનો હેતુ દરેક કાર્યમાં. આચાર્યની તો શી વાત કરવી? એમની તો ઉગ્ર સાધના છે કોઈ! આચાર્યદેવની સાધના એવી છે. ૧.

❀ બહેનશ્રી : પોતાના સ્વભાવમાં શાંતિ અને આનંદ ભરેલા છે. બહારના સંયોગથી દેવ-ગુરુ-શાસ્ત્ર આત્માને પામવામાં નિમિત્ત છે. દેવ-ગુરુ-શાસ્ત્ર જેણે સાધના કરીને પૂર્ણતા કરી એની ભાવના આવે જ છે શુભભાવમાં કે ‘દેવ-ગુરુ-શાસ્ત્ર મને સમીપ હો’ એવી ભાવના આવે પણ એ હેય બુદ્ધિએ પાછું. હેય હોવા છતાંય આ તો એને ભાવના આવે છે કે દેવ-ગુરુ-શાસ્ત્રની સમીપમાં હો. હેય હોવા છતાં ભાવના આવે છે. ૨

✻ પ્રશ્ન : ભાવના હોવી એટલે શું?

● ઉત્તર : ભાવના તો પોતે કરે તો થાય. એને અંતરમાં એટલી લાગવી જોઈએ કે આ આત્મા જ સર્વસ્વ છે. બીજું કોઈ જ સારરૂપ નથી. આ બધો વિભાવ એ બધો અસાર છે. સારભૂત એક આત્મા જ મને જોઈએ. બીજું કાંઈ નથી જોઈતું. એવી અંતરની લગની લાગવી જોઈએ. એ લગની લાગે તો ભાવના થાય. આત્માની મહિમા હોવી જોઈએ. અંદર શું સ્વભાવ? એનો નિર્ણય થવો એવી એની ભાવના પોતે પુરુષાર્થ કરે તો થાય. ગુરુના સંગે, શાસ્ત્રમાં આવે છે તે બધો વિચાર કરીને નિર્ણય કરે કે ‘આ જ કરવા જેવું છે, બીજું કાંઈ નથી.

કરવા જેવું, મારે આ જ જોઈએ છે.' એવી ઊંડી અંતરની પોતે લગની લગાડે તો થાય. ભાવના કરે તો થાય. કાંઈ કર્યા વગર તો કાંઈ થાતું નથી. કોઈ કરાવી દેતું નથી. પોતાની તૈયારી અને પોતાની પાત્રતા હોય તો થાય છે. પોતાના પુરુષાર્થથી થાય છે. ૩.

* પ્રશ્ન : માતાજી, કભી કભી–પતા નહિ કભી કભી ભાવના મંદ તીવ્ર ક્યોં હોતી હૈ ?

● ઉત્તર : અનાદિનો અભયાસ છે એટલે એને મંદ, તીવ્ર થયા કરે છે. બાકી વારેવારે એની ભાવનાને ઉગ્ર કરે તો થાય. અભ્યાસ અનાદિનો એટલે એને મંદ દેખાય. કોઈ વાર તીવ્ર દેખાય પણ પોતે ભાવના કરે અંતરમાંથી. તે જાતનો પુરુષાર્થ કરવાનો પ્રયત્ન કરે તો થાય. ૪.

* પ્રશ્ન : એવી શુદ્ધ પર્યાય પ્રગટ કરવાની ભાવના તો બધાને છે પણ થાતું કેમ નથી ? એ કંઈ ખબર નથી પડતી.

● ઉત્તર : ભાવના છે પણ પ્રયત્ન નથી કરતો ને ? ભાવના-ભાવના એમ ભાવના રાખે એટલે કંઈ થઈ ન જાય. જે જાતનું દ્રવ્ય છે એ જાતની પર્યાય પ્રગટ કરવાનો પ્રયત્ન કરે. દ્રવ્ય છે એ જાતની અંદર પહેલા દૃષ્ટિ કરે. દૃષ્ટિને પહેલા દૃઢ કરવી જોઈએ. પ્રયત્ન નથી. ભાવના બરાબર છે. એનો પ્રયત્ન ક્ષણે ક્ષણે કરવો જોઈએ. 'હું ચૈતન્ય સ્વરૂપ જ છું. એક શુદ્ધાત્મા છું. બધાથી નિરાળો–શુભાશુભભાવથી (નિરાળો). ક્ષણિક પર્યાયો જેટલો નથી. શુદ્ધાત્મા શાશ્વત છું' એમ વારંવાર વારંવાર એનો પ્રયત્ન કરે. એની ભેદજ્ઞાનની ધારા, એવી દ્રવ્ય દૃષ્ટિ અને એ જાતની પરિણતિ પ્રગટ કરે, પ્રયત્ન કરે તો પ્રગટ થાય. તો અંદર ચૈતન્ય અસ્તિત્વ રૂપ છે. એમાં જે બધું પડ્યું છે તે પ્રગટ થાય. ૫.

* પ્રશ્ન : વચનામૃતમાં ઠેકઠેકાણે ભાવનાની વાત બહુ આવે છે. તો એકલી ભાવના પૂરતી છે ?

● ઉત્તર : પહેલી–પ્રથમ ભૂમિકામાં ભાવના આવે છે. પછી

તો સમ્યક્ દર્શન, ચારિત્ર એમ દશા વધતી જાય છે. પહેલાં જેણે કંઈ પ્રાપ્ત નથી કર્યું તેને ભાવના થાય. પોતે ભાવના યથાર્થ કરે તો ફળ આવે. એ ભાવના હોય તો એને માટે પુરુષાર્થ થયા વગર રહેતો જ નથી. એની ભાવના ઉગ્ર થાય કે 'મારે ચૈતન્ય જ જોઈએ. બીજું કાંઈ જોઈતું નથી.' એવી અંતરમાંથી ભાવના થાય તો એની સાથે પુરુષાર્થ પણ પ્રગટ થયા વગર રહેતો જ નથી. જો એને એ જાતની ભાવના નથી, અંતર ચૈતન્ય તરફ રુચિ નથી, ભાવના નથી, તો એનો પુરુષાર્થ પણ તે તરફ જતો નથી. રુચિ હોય, ભાવના હોય તો જ એનો પુરુષાર્થ ફળે. બહારમાં—બહારની રુચિ અને બહારની ભાવના હોય તો પુરુષાર્થ પોતા તરફ વળતો નથી. ભાવના, જિજ્ઞાસા ઉગ્ર કરે તો પોતા તરફ પુરુષાર્થ વળી શકે છે. પોતાની રુચિ વગર કોઈ કાર્ય થતું નથી. રુચિ અને ભાવના હોય તો પુરુષાર્થ થાય છે. શરૂઆતની ભૂમિકામાં એ ભાવના આવે છે. તારી ભાવના યથાર્થ હશે તો કાર્ય થાશે. ૬.

✻ પ્રશ્ન : ભાવના ઉગ્ર હોય તો બીજા કારણો આપોઆપ મળી જાય છે?

● ઉત્તર : બીજા કારણો આપોઆપ મળી જાય છે. ભાવના ઉગ્ર હોય તો બધાય કારણો અંતરમાં મળી જાય છે. તારી ભાવના હશે અંતરમાં તો તને નિરાંત નહીં થાય 'મને ચૈતન્ય મળે તો જ શાંતિ થાય.' તો એ ચૈતન્ય ઉપર દૃષ્ટિ ન થાય, ચૈતન્યનો સ્વભાવ પ્રગટ ન થાય ત્યાં સુધી એને નિરાંત ન થાય. એવી ભાવના હોય તો એને બધાં કારણો મળી જાય છે. ૭.

❀ ભક્તિ :　અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
　　ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો,
　　સર્વ સંબંધનું બંધન, તીક્ષ્ણ છેદીને,
　　વિચરશું કવ મહત્ પુરુષને પંથ જો..........અપૂર્વ

✻ પ્રશ્ન : શ્રીમદ્ એમ કહેતા હતાં કે 'અપૂર્વ અવસર એવો

ક્યારે આવશે ?' તો જ્ઞાનીને પણ એવી ભાવના થાય ? ૧૨૦ ગાથામાં આચાર્યદેવ કહે છે કે જ્ઞાનીને ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકની ભાવના અખંડ છે. એ અખંડ ભાવના એટલે શું ?

● ઉત્તર : એ અખંડ જ્ઞાયકની—તત્વની (ભાવના) હોય. 'વિભાવ ભાવ મેરા સ્વભાવ નહીં હૈ, અધૂરી પર્યાય જિતના મૈં નહીં, પૂરી પર્યાયમેં મૈં નહીં, મૈં તો અખંડ શાશ્વત દ્રવ્ય હૂં.' ઐસી ભાવના, ઐસી દૃષ્ટિ યથાર્થ કરતે હૈ. તો ભી પર્યાયમેં તો અધૂરાશ હૈ. જ્ઞાન ઐસા હોતા હૈ કિ 'મૈં તો શાશ્વત દ્રવ્ય તો હૂં, પર્યાયમેં અધૂરાશ હૈ, પર્યાય કંઈ પૂર્ણ નહીં હુઈ'. વીતરાગતા—વીતરાગ સ્વભાવ હૈ પણ વીતરાગતાકી પર્યાય ઔર વીતરાગતાકા વેદન નહીં હુઆ. કેવળજ્ઞાન નહીં હુઆ. ઈસલિયે ઈસકી ભાવના હોતી હૈ તો 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? 'ક્યારે ઐસા અપૂર્વ અવસર આવે કે મૈં આત્માકા ધ્યાન કરું, નિર્વિકલ્પ સ્વાનુભૂતિ- વારંવાર આત્મામેં લીનતા કરું, નિર્વિકલ્પ દશા કરું', એકાંતવાસમેં આત્માકા ધ્યાન કરનેકે લિયે ભાવના આતી હૈ. 'દ્રવ્ય અપેક્ષાએ મૈં શુદ્ધ હું' સમયસામેં ઐસા આતા હૈ કિ 'દ્રવ્ય અપેક્ષાએ મૈં શુદ્ધ હૂં, પણ પર્યાય કી શુદ્ધિકે લિયે મૈં કબ કેવળજ્ઞાન પ્રાપ્ત કરું, કબ મુનિદશા પ્રાપ્ત કરું' ઐસી ભાવના આતી હૈ. અને પર્યાયની અપેક્ષાએ પર્યાય તો શુદ્ધ, પૂર્ણ નહીં હૈ, દ્રવ્ય અપેક્ષાએ પૂર્ણ હૈ. ૮.

✻ પ્રશ્ન : ખંડ (પર્યાય)કી ભાવના કહેવાય ?

● ઉત્તર : એ ભાવના તો આવે. ખંડની, પર્યાયની. પર્યાયની શુદ્ધિની ભાવના આવે. આચાર્યદેવ—અમૃતચંદ્ર આચાર્યદેવ કહે છે ને કે 'મમ્ પરમ વિશુદ્ધિ હો'. 'મૈં તો ચૈતન્ય શુદ્ધ ચિન્માત્રમૂર્તિ હૂઁ પણ મેરી પરમ વિશુદ્ધિ હો' વિશુદ્ધિ(થવાની ભાવના)ને કારણે હું આ શાસ્ત્ર (સમયસાર ટીકા) રચું છું. બેય રીતે—'હું ચિન્માત્ર મૂર્તિ છું દ્રવ્ય અપેક્ષાએ અને પર્યાયમાં મારી પરમ વિશુદ્ધિ થાવ' એવી ભાવના સાથે આવે છે. પર્યાયની શુદ્ધિની ભાવના આવે છે. પર્યાયમાં મારી

પૂર્ણતા નથી. દ્રવ્ય ભલે શક્તિથી પરિપૂર્ણ છે પણ પ્રગટ વેદન પૂર્ણતાનું નથી. જૈસા દ્રવ્ય હૈ ઐસી પર્યાય પૂર્ણ હો જાય. પૂર્ણ વેદનમેં ઐસા વીતરાગ—જૈસા દ્રવ્ય ઐસી પર્યાય પણ હો જાય. પર્યાયમેં વિભાવ હૈ, પર્યાયમાં પૂર્ણતા નહીં હૈ. દ્રવ્ય અપેક્ષાએ પૂર્ણતા હૈ. પર્યાયમેં અધૂરાશ હૈ. એટલે ભાવના ભાવે છે કે ક્યારે મુનિદશા પ્રાપ્ત થાય? એ ભાવના ભાવે છે. દ્રવ્ય—પર્યાયનો મેળ છે. નિશ્ચય—વ્યવહારની સંધિ સાધકોને આવે છે. ગૃહસ્થાશ્રમમાં આત્માની સ્વાનુભૂતિ હતી. નિર્વિકલ્પ સ્વાનુભૂતિ હતી. બધા ન્યારા રહેતા હતા. નિર્લેપ રહેતા હતા. તોય ભાવના હતી કે 'હું ક્યારે આત્મામાં લીન થઈ જાઉં?' મુનિદશા પ્રાપ્ત કરું? એ ભાવના હોય છે. ૯.

❀ બહેનશ્રી : 'પૂર્ણ છું' એટલે કંઈ કરવાનું નહીં એમ નથી આવતું. જેને યથાર્થ દ્રવ્ય દૃષ્ટિ પ્રગટ થઈ એને પર્યાયની ભાવના સાથે રહે જ છે. અને પર્યાયની જો ભાવના ન રહે તો એની દ્રવ્યદૃષ્ટિ પણ યથાર્થ નથી. જેને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ એને ભાવના સાથે જ રહે છે કે 'મૈં કેમ લીનતા કરું આત્મામેં?' એવી ભાવના આવ્યા જ કરે છે. દ્રવ્ય પૂર્ણ અને પર્યાયની શુદ્ધિ—એ બેય સાથે રહે છે. પર્યાયની શુદ્ધિ—અંશે શુદ્ધિ તો (સમ્યક્‌દર્શન થતા) થાય છે. પછી પૂર્ણ શુદ્ધિ કેમ થાય, એવી ભાવના આવ્યા જ કરે છે. ૧૦.

✻ પ્રશ્ન : નિરંતર (ભાવના) ચાલે છે?

● ઉત્તર : નિરંતર આવે છે. પુરુષાર્થ ચાલે છે. કોઈ વાર ભાવના ઉગ્ર થઈ જાય, (પૂર્ણ) દશા નથી પ્રગટ થઈ પણ ભાવના આવે છે. પુરુષાર્થની દોરી ચાલુ જ છે. એને જેમ પુરુષાર્થ ઉપડે એ પ્રમાણે શુદ્ધિ થાય છે. પણ ભાવના રહે છે. ૧૧.

✻ પ્રશ્ન : સહજ (ભાવના) ચાલે છે?

● ઉત્તર : સહજ ચાલે છે. દ્રવ્યથી—દ્રવ્ય અપેક્ષાએ પૂર્ણ છું, પુરુષાર્થની દોરી ચાલે છે. ભાવના કોઈવાર જોરદાર તીવ્રપણે—એમ ભાવના તો હોય જ ને. ૧૨.

✻ પ્રશ્ન : ભાવનાથી અંદર પેસે કેવી રીતે?

● ઉત્તર : જેને (બહાર) ગોઠતું (ગમતું) જ નથી. જેને એમ થાય કે બસ! હવે આ અંતરમાં જાવું છે. ચેન ન પડે તો અંતરમાં ગયા વગર રહે જ નહીં. બહાર ટકી જ ન શકે વિભાવમાં. એને સ્વભાવ જ જોઈએ છે. બીજું કાંઈ નથી જોઈતું. એમ એને અંદરથી તીવ્રતા થાય તો પોતે સ્વભાવને 'આ જ્ઞાન તે હું' એમ ગ્રહણ કર્યા વગર રહે જ નહીં. વિકલ્પો તો આવે, જાય, બધાં ચાલ્યા જાય છે. પછી જ્ઞાન સ્વરૂપ–જે જ્ઞાયક છે–'જ્ઞાન તે હું છું' એમ પોતાને તીવ્ર લગની લાગે તો એ અંદર જાય કે આ જ્ઞાયક છે એમાં જ બધું ભર્યું છે. એમાં જ સર્વસ્વ–સુખ અને બધું એમાં જ ભરેલું છે. એટલી પોતાને પ્રતીતિની દૃઢતા આવે તો પોતાને ગ્રહણ કર્યા વગર રહેતો નથી અંતરમાંથી. ૧૩

✻ પ્રશ્ન : અંદરથી ભાવના ઉગે કેવી રીતે?

● ઉત્તર : એ ઉગાડવા માટે પોતાને એટલી લગની હોય, પોતાને એટલી જરૂરિયાત જણાય કે બસ! આ કોઈ, કોઈ વસ્તુમાં એને રસ નથી. એક ચૈતન્ય તરફનો રસ લાગે. ચૈતન્યમાં અપૂર્વતા લાગે એને એની અપૂર્વતા લાગે. એના વગર પોતાને ચાલે જ નહીં. ચૈતન્યની પરિણતિ વગર કેમ ચાલે? એવું જો અંતરમાંથી થાય તો પોતાના અંતરમાંથી પરિણતિ પ્રગટ્યા વગર રહે જ નહીં. ગુરુદેવે જે માર્ગ બતાવ્યો છે એ માર્ગ વગર અંતરમાં ક્યાંય સંતોષ થાય એવું નથી. ધ્યાન કરે તો સમજ્યા વગરનું ધ્યાન! અંદરથી શું એને પ્રગટે? પ્રગટે નહીં કાંઈ. જ્ઞાનપૂર્વકનું ધ્યાન થાય તો એ સાચું ધ્યાન થાય પોતાનો સ્વભાવ ઓળખીને. શ્રીમદ્ કહે છે ને 'તરંગરૂપ થઈ પડે છે ધ્યાન'. જ્ઞાન વગરનું ધ્યાન કેવું? ૧૪.

❀ બહેનશ્રી : 'જાણી રહ્યો છે એ પોતે છે' પોતે પોતાને જાણી શકતો નથી. પોતે વિભાવમાં જે બધાનો જાણનારો છે, એ જાણનારનું અસ્તિત્વ ગ્રહણ કર. એ જાણનારનો અસાધારણ ગુણ એ જણાય છે.

બાકી એમાં અનંતા અનુપમ શક્તિઓથી ભરેલો. પણ એ જ્ઞાન સ્વભાવ એનો એવો અસાધારણ છે કે એ ગ્રહણ કરી શકાય એવો છે. પણ એટલે પોતાની તૈયારી હોય તો એ ગ્રહણ કરી શકાય પણ એ ન થાય ત્યાં સુધી એની અપૂર્વતા લાગે. એ તરફ એની પરિણતિ જાય તો પણ સારું છે. એની ભાવના થાય. ૧૫.

*** પ્રશ્ન : ચૈતન્યની ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના ન ફળે તો ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે ? 'ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે' એટલે શું ?**

● ઉત્તર : ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના—જે એવા ચૈતન્યના આશ્રયમાંથી ભાવના હોય કે 'મારે ચૈતન્યની પરિણતિ જ પ્રગટ કરવી છે' એવી ભાવના હોય અને એ ભાવના પ્રમાણે જો દ્રવ્ય પરિણમે નહીં, તો દ્રવ્યનો નાશ થાય. પણ દ્રવ્યનો નાશ થતો નથી. એ ભાવના પોતાની પૂર્ણ ન થાય. જો ચૈતન્યની ભાવના પૂર્ણ જ ન થાય એવું જો હોય તો બ્રહ્માંડ શૂન્ય થઈ જાય એટલે દરેક દ્રવ્યનો નાશ થાય. એની જો યથાર્થ ભાવના પ્રમાણે ચૈતન્યનું પરિણમન થાય નહીં તો દરેક દ્રવ્યનો નાશ થઈ જાય. કોઈની ભાવના પૂર્ણ ન થાય. એક દ્રવ્યની ભાવના પૂર્ણ ન થાય તો કોઈની ભાવના પૂર્ણ ન થાય. એ રીતે દ્રવ્ય પરિણમે નહીં. દ્રવ્ય જુદી રીતે પરિણમે, ભાવના દૂસરી રીતે પરિણમે એવી યથાર્થ-ભાવના ન હોય, દ્રવ્ય પરિણમે જ નહીં અને ભાવના કર્યા કરે એવું બને જ નહીં. તો ચૌદ બ્રહ્માંડને શૂન્ય થાવું પડે. દરેક દ્રવ્યનો નાશ થાય. એકની ભાવના પૂર્ણ ન થાય તો દરેકમાં એવું થઈ જાય. દરેક દ્રવ્યનો નાશ થાય. એવું કંઈ બનતું નથી. બ્રહ્માંડ શૂન્ય થાય નહીં એટલે દ્રવ્યનો નાશ થતો નથી. જે રીતે ભાવના હોય એ રીતે જ દ્રવ્યની પરિણતિ થયા વગર રહેતી જ નથી. ઉંડાણમાંથી જો ભાવના આવે તો અંતરમાંથી એ આત્માના આશ્રયે અને આત્માની સ્વાનુભૂતિ, 'આત્મામાં જ રહેવું છે. બહાર જાવું જ નથી.' એવી અંતરથી ઊંડી ભાવના આવીને આત્મામાં જો એ

પરિણમન ન થાય તો એ બને જ નહીં. આત્માનું પરિણમન થાવું જ જોઈએ. નહીંતર એ દ્રવ્ય જ કહેવાય નહીં. એ જો એવી રીતે દ્રવ્ય પોતાની અનુકૂળ રીતે પરિણતિ ન કરે, ન પરિણમે તો એ દ્રવ્ય જ ન રહે. દ્રવ્યનો નાશ થઈ જાય. એમ દરેક દ્રવ્યમાં થાય. એટલે બ્રહ્માંડને શૂન્ય થવું પડે. ૧૬.

**✻ પ્રશ્ન : માતાજી, ચૈતન્યની ભાવના હોય એ રીતે ચૈતન્યની પરિણતિ થાય જ ?**

● ઉત્તર : આ વસ્તુ સ્થિતિ જ છે. દ્રવ્ય–ગુણ–પર્યાયની એવી વસ્તુસ્થિતિ જ છે. એ ભગવાને કહેલી વાત છે. એવું વસ્તુનું સ્વરૂપ જે દ્રવ્ય ગુણ પર્યાયનું–એનું ભગવાને કીધું કે દ્રવ્ય પ્રમાણે પરિણતિ થાય જ. દ્રવ્યના આશ્રયે પરિણમેલી જે દ્રવ્યના આશ્રયમાં ઊંડી ભાવના હોય એ રીતે પર્યાય થાય જ. એ ભગવાને કીધું છે. દ્રવ્ય–ગુણ–પર્યાય, દ્રવ્યના આશ્રયમાં રહેલા છે. દ્રવ્ય ગુણ પર્યાયનું સ્વરૂપ તીર્થંકરોએ કીધું છે કે ચૈતન્યની ભાવના હોય એ રીતે ચૈતન્યની પરિણતિ થાય જ. ૧૭.

**✻ પ્રશ્ન : ભાવના છે તે ચૈતન્યની ભાવના સાથે કુદરત બંધાયેલી છે ?**

● ઉત્તર : કુદરત એટલે પોતે. ચૈતન્યની ભાવના સાથે કુદરત બંધાયેલી જ છે કે એની ભાવના–એવી રીતે દ્રવ્ય પરિણમે, એવી રીતે ગુણ પરિણમે, એ રીતે બધી પર્યાયો પરિણમે દરેક દ્રવ્યમાં એમ. એની ભાવના–અંદર શુદ્ધાત્માની ભાવના હોય એ રીતે. આમ અંતરથી ભાવના હોય એને બહારમાં પણ અનુકુળ સંયોગો મળે એની સાથે કુદરત બંધાયેલી જ છે. એને બહારના સાધનો પણ એ જાતના મળી જાય. બધું એ રીતે પરિણમે છે. કુદરત બંધાયેલી છે. એની યથાર્થ ભાવના હોય, એને અનુકૂળ જે સાધક દશા એની છે એ સાધક દશાને અનુકૂળ એ જાતનું, એના નિમિત્તે, બહાર એવા. અને એનું દ્રવ્યનું પરિણમન પણ એ જાતનું. કુદરત બંધાયેલી છે.

અંદર યથાર્થ ભાવના હોય એને બહારના એવા નિમિત્તો, સાધનો ન મળે એમ પણ ન બને. એવા યથાયોગ્ય સાધનો મળે, એવા સાધક મળે, એવા ગુરુ મળે, એવા ભગવાન મળે, એવા બધા નિમિત્તો પણ એવા. કુદરત બંધાયેલી છે એની ભાવના સાથે. પણ એની ભાવના અંતરની હોવી જોઈએ. એની ભાવના સાથે રહેલા શુભભાવો પણ એવી જાતના હોય કે એ બધા બહારના નિમિત્તો પણ મળી જાય. અંદર દ્રવ્ય પણ પરિણમન એ જાતનું કરે. ૧૮.

✻ પ્રશ્ન : શુદ્ધની જે ભાવના છે એ તો શુદ્ધપણે જ છે. પણ સમ્યગ્દર્શન પ્રગટ થયા પહેલાં એ જે ભાવના છે તે તો શુભભાવરૂપ છે. છતાં પણ એ આત્માનો આશ્રય લઈને જ રહે એમ આપનું કહેવું છે ?

● ઉત્તર : શુભભાવના એ શુભ ભાવ છે પણ અંતરમાં એ શુભભાવની પાછળમાં જે એનો આશ્રય–એને જાવું છે આત્મામાં. આત્મા તરફ જાવું છે, એને એવું જોરદાર જાવું છે. શુભભાવ જોઈતો નથી. શુભાશુભ ભાવથી ભિન્ન એવો આત્મા જોઈએ છે. એની પાછળ રહેલું એવું એની પરિણતિનું જોર છે. એની પરિણતિનું જોર આત્મા તરફ છે. શુભભાવ તો સાથે રહેલો છે. પણ એનું જોર બધું આત્મા તરફ જાય છે. ચૈતન્ય તરફ. એટલે ચૈતન્યની પરિણતિ શુભભાવની ગૌણ કરીને પણ ચૈતન્યની પરિણતિ પ્રગટ થયા વગર રહે નહીં એ શુભ ભાવના છે એટલે બહારના નિમિત્તો કુદરતે એવા મળે કે અંતરમાં આત્મા પરિણમ્યા વગર રહે નહીં. એનું જોર આવું આત્મા તરફ જાય છે. છે શુભભાવના સાથે. શુભભાવ મિશ્રિત છે પણ એનું જોર આત્મા તરફ છે. ૧૯.

બોલો સદ્ગુરુદેવનો જય હો.
ભગવતી માતનો જય હો.